શૈશવ

બાળ અધિકાર સંસ્થા

# વાર્ષિક અહેવાલ

## ૨૦૧૮ ૧૯



શૈશવ
બાળ અધિકાર સંસ્થા

ટ્રસ્ટી મંડળ
૧ શ્રી ફાલ્ગુન શેઠ
૨ શ્રી પારૂલ શેઠ
૩ શ્રી નિમિષા દેસાઈ
૪ ડો. પંકજ શાહ
૫ ડો. એસ. શ્રીધર
૬ શ્રી અનિતા શાહ
૭ શ્રી સંજય દેસાઈ
૮ શ્રી સંગીતા ગરત
૯ ડો. પારસ મહેતા
૧૦ શ્રી જતીન જલુંધવાલા

## અમારી દ્રષ્ટિ

શાંત, સમૃધ્ધ, ન્યાયપૂર્ણ અને માનવીય સમાજની પાયાની સંકલ્પના સાથે દરેક પોતાની વ્યકિતગત ક્ષમતાઓના ઉચ્ચત્તર વિકાસ દ્વારા સ્વાવલંબી બને, સમાજના સાતત્યપૂર્ણ વિકાસમાં યોગદાન આપે તેવા જવાબદાર નાગરિક બને.

સ્વસ્થ બાળક...　　સ્વસ્થ માનવ...　　સ્વસ્થ સમાજ...

## અમારું ધ્યેય

**દરેક બાળકને તમામ અધિકાર સમાન રીતે મળે.**

**સંસ્થા કાર્યાલય :** શૈશવ
બ્લોક નં.૩, બીજે માળે, બી-વિંગ,
સરદાર પટેલ મ્યુનિ.શોપીંગ સેન્ટર,
સરદારનગર સર્કલ, ભાવનગર-૩૬૪ ૦૦૧.
ફોન : ૦૨૭૮ ૨૫૬૮૫૬૧, ૯૩૭૬૫૪૨૮૫૬૭
**E-mail : info@shaishavchaildrights.org**
**Web. : shaishavchildrights.org**

રજી. ઓફીસ : શૈશવ, આઈ/૧૦૦૩, ઈન્દ્રપ્રસ્થ, ડ્રાઈવઈન થીએટર પાસે, થલતેજ રોડ, અમદાવાદ.

- સંસ્થાને મળતું દાન ઈન્કમટેક્ષ એકટ હેઠળ ૮૦ (જી)(૫) મુજબ ૫૦ % કરમુકિતને પાત્ર છે.
- સંસ્થાને વિદેશી સહાય મેળવવા માટે જરૂરી મંજૂરી મળેલી છે.

# વિહંગાવલોકન

શૈશવ
બાળ અધિકાર સંસ્થા

બાળકોના અધિકાર અને વિકાસના ક્ષેત્રે બાળકોની સાથે રહીને કાર્ય કરવાના જોતજોતમાં ૨૫ વર્ષ પૂરા થયા ! આનંદ અને ગૌરવની લાગણી સાથે કેટકેટલું યાદ આવે છે ! આ બધામાં સૌથી મહત્ત્વનું છે : અનેક પ્રકારની પ્રવૃત્તિઓ  કાર્યો, પડકારો અને પ્રશ્નો, સંઘર્ષ અને રચના... પણ અમને જે મળ્યું છે તે અવિસ્મરણીય અને અવર્ણનીય છે તે છે, બાળકોના ચહેરા પર છલકાતો આનંદ અને સ્મિત ! કેવાં અદ્‌ભૂત ! અને આપણા સૌ માટે સૌથી મોટો પડકાર છે : બાળકોને એમને કૂતૂહલ, આનંદ અને સલામત  સમૃદ્ધ બાળપણ પાછા આપવાનો ! કદાચ, અમે બાળકોના નિમંત્રણને લીધે એમની સાથે સહકાર્યમાં જોડાઈ શક્યા... અને બાળપણને ઓળખી શક્યાં !

અમે ૨૫ વર્ષની ઉજવણી નથી કરી કે તેના વિષે કોઈ વિશેષ કાર્યક્રમો પણ ર્ક્યા નથી કારણ કે મનમાં હજુપણ એ વસવસો છે કે બાળકો માટે એમને જે જરૂરી છે તે બધું જ ‘‘આજે જ’’ થવું જોઈએ તેમાં હજુ ઉણા ઉતર્યા છીએ ! સમાજ પણ હજુ બાળકોની ‘આવતી કાલ’ સમજી રહ્યો છે ! દુનિયા આવતી કાલે હશે કે કેમ ? તેનો ગંભીર પ્રશ્ન હોય ત્યારે બાળકો માટે દુનિયા કેવી મૂકીને જ રહ્યાં છે તેને મોટેરાઓએ ગંભીરતાથી આજે જ વિચારી તે પ્રકારનું આચરણ કરવાની તાતી જરૂરિયાત છે.

આમ એક તરફ બાળકો સાથેની ૨૫ વર્ષની અવિરત યાત્રાનો આનંદ  ગૌરવ છે તો બીજી તરફ વિષાદ છે  હજુ ઘણું કરવાનું છે તેની જવાબદારી પણ સમજાય છે. અનેક ઉતાર  ચઢાવ વચ્ચે થતી યાત્રા ઘણું શીખવી જાય છે.

વર્ષ ૨૦૧૮  ૧૯ પડકારરૂપ પણ રહ્યું, કાયમી આર્થિક વ્યવસ્થાઓ ગોઠવાતી નથી, સમર્પિત કાર્યકરો મળવની મુશ્કેલી જેવા મુદ્દાઓ છે તો બીજી તરફ આગળ વધતી યાત્રામાંથી મળતી શીખ  નવું કરવાની હામ અને શક્તિ પણ આપે છે.

‘આરણ્યક’ કાર્યક્રમની વિભાવના ગયા વર્ષે વિકસાવી હતી. બાળકો પોતે જ પોતાની કેળવણી માટેની લર્નીંગ ડીઝાઈન તૈયાર કરશે, જે ૨૪ કલાકની ખુલ્લી શીખતી  શીખવતી બાળકોની જગ્યા બનશે. ‘નિશાળ’ નામના મર્યાદિત અર્થમાં ત્યાં ચાર દિવાલો નહીં હોય. આ દિશામાં નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના પોમલાપાડા ગામને હાલમાં કેન્દ્રમાં રાખી પ્રવૃત્તિઓની શરૂઆત કરવામાં આવી છે.



શૈશવ દ્વારા આ નૂતન પહેલ 'આરણ્યક', બાળકો દ્વારા સંચાલિત એવી પોતીકી જગ્યા, જ્યાં શિક્ષણ અને વિકાસનું નેતૃત્વ સ્વયં બાળકો કરતા હોય અને આગળ વધી સમાજ નિર્માણમાં પ્રદાન કરવા તત્પર બને, બાળકો દ્વારા સામાજીક ન્યાય, સાદગીપૂર્ણ વિવેકપૂર્ણ જીવન અને સાતત્યસભર પર્યાવરણ પ્રત્યેની કટિબધ્ધતા માટેની મથામણ ચાલતી હોય !

આમ શીખતું શીખવતું જંગલ... આ દિશામાં કંઈક કરવાની વાત વિચાર ઘણા સમયથી ચાલતા હતાં, અને તેનું પ્રથમ કદમ ૧૩ ડિસેમ્બર ૨૦૧૮, ગુરૂવારના રોજ નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના પોમલાપાડા ગામમાં સૌનાં સથવારાની શ્રધ્ધા સાથે આપણે ભર્યું ! સેવા રૂરલના પ્રણેતા અને સ્થાપક ડૉ. લતાબહેન, પોમલાપાડામાં મકાન વાપરવા આપનાર સામભાઈ અને ગામના બાળકોના હસ્તે દિપ પ્રાગટ્ય અને થોડાંક મિત્રો શુભેચ્છકોની ઉપસ્થિતિમાં કાર્યનો શુભ પ્રારંભ બિન ઔપચારિક કાર્યક્રમ દ્વારા ર્ક્યો ! સામરપાડા ગામની કેન્દ્રવર્તી શાળાના ૨૫૦ બાળકો તથા આશ્રમશાળાના ૧૫૦ બાળકો સાથે પ્રવૃત્તિ આધારિત બે બાળમેળા પણ ર્ક્યા હતા.

આ ઉપરાંત સેજપુર, અમલાવાડી, કંજાલ અને ફૂલસર ગામોમાં બાળકો સાથે વિવિધ પ્રવૃત્તિઓ કરવા ઉપરાંત વિસ્તારના અન્ય ગામોની મુલાકાત દ્વારા, ગામલોકોને, શિક્ષકો અને બાળકોને મળ્યા અને વિસ્તાર સાથે નાતો જોડવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

આ નવું કાર્ય અવિરત યાત્રાના જોમ જુસ્સા સાથે શરૂ ર્ક્યું છે, શ્રદ્ધા છે આપ સૌનો સથવારો પ્રેમ અને હૂંફ મળતો રહેશે.

લોરીયસ સ્પોર્ટસ ફોર ગુડ યુકે દ્વારા પેરિસમાં ૧૪ થી ૧૭ ઓકટોબર દરમ્યાન આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ યોજવામાં આવી હતી. આ કોન્ફરન્સમાં જાણીતા ઓસ્ટ્રેલિયન ક્રિકેટર સ્ટીવ વોગથી લઈને અનેક દિગ્ગજ રમતવીરો અને વિવિધ દેશોના સંસ્થાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ કોન્ફરન્સમાં આમંત્રિત કરવામાં આવતાં શૈશવના ડાયરેકટર પારૂલબહેને પણ પ્રતિનિધિત્વ ર્ક્યું હતું. આ કોન્ફરન્સમાં કિશોરીઓ અને બહેનોના સ્વરક્ષણ માટેની તાલીમ






પદ્ધતિ 'વેનલીડો' અંગે પારૂલબહેને વિશેષ વાર્તાલાપ અને નિદર્શન આપ્યા હતા, જેને ઉપસ્થિત સૌએ ઉમળકાભેર વધાવ્યું હતું. આમ શૈશવનું ગૌરવ વધ્યું છે.

આ નિમિત્તે પારૂલબહેને પેરિસમાં કેટલીક સંસ્થાઓની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત શૈશવના બાલદોસ્ત અને વોલન્ટીયર્સ શિવ અને અનિકાના આમંત્રણથી નોર્વે ઓસ્લોની વિઝીટ ૧૯ થી ૨૪ ઓકટોબર દરમ્યાન કરી હતી. ઓસ્લો યુનિ. ના શિક્ષણ વિભાગમાં 'ભારતની શિક્ષણ વ્યવસ્થા અને પડકારો' અંગે વક્તવ્ય આપ્યું હતું. શિવ અને અનિકાની મદદથી શૈશવની પ્રવૃત્તિઓ અંગે સ્થાનિક લોકો સાથે મીટીંગો યોજી હતી ત્યારબાદ ૨૫ થી ૫ નવેમ્બર દરમ્યાન યુ.કેની મુલાકાત કરી ત્યાં લોરીયસ સ્પોર્ટસ ફોર ગુડની મુખ્ય ઓફિસના સ્ટાફ સાથે શૈશવની પ્રવૃત્તિઓનો વાર્તાલાપ આપ્યો હતો. આ ઉપરાંત કોમીક રીલીફ, ગ્લોબલ ગીવીંગ અને અશોકા ઈન્ટરનેશનલ સંસ્થાઓની મુલાકાત ઉપરાંત શૈશવમાં સમયાંતરે આવેલ વોલન્ટીયર્સ સાથે જુદી જુદી મીટીંગો યોજાઈ હતી. તેમજ લફબરો સીટીના ગ્રુપના સભ્યો સાથે મીટીંગ ચર્ચા કરી હતી. આ ગ્રુપના સભ્યો ભાવનગરની લગભગ દર વર્ષે નિયમિત મુલાકાત લેતાં હોય છે. આમ આ વિદેશ પ્રવાસ અનેક લોકોના સહયોગથી સફળ નીવડ્યો હતો.

૨૦૧૮ ૧૯નું વર્ષ .... વિશેષ વર્ષ છે બાળ અધિકાર સમુહ ગુજરાત સાથે સંકળાયેલ સંસ્થાઓમાંથી ૧૭ બાલ સંગઠનોએ ભેગા થઈ 'ગુજરાત બાલ મંચ' બાળકોનું પોતાનું આગવું રાજય સ્તરનું પ્લેસફોર્મ વિકસ્યું તેના માટે શૈશવ અગ્રેસર ભૂમિકા ભજવી હતી. બાળકોના સહભાગિતાના અધિકાર દ્વારા બાળકોની મૈત્રીની ગાંઠ વધુ મજબૂત બની હતી.

બાળકો ખાસ કરીને કિશોરીઓના સ્વરક્ષણ અને સલામતી અંગેના મુદ્દાને કેન્દ્રમાં રાખી શૈશવ દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરે કિશોરીઓ માટે વિકસાવેલ 'વેનલીડો' અભ્યાસક્રમને લઈને કિશોરીઓને સઘન તાલીમ આપવાના પ્રયાસો અવિરત ચાલી રહ્યા છે, તેમાં આ વર્ષ દરમ્યાન ૧૨૬૨ કિશોરીઓએ તાલીમ પ્રાપ્ત કરી હતી.

બાલસેનાના બાળકોએ આંતરરાષ્ટ્રીય નેટવર્ક 'ચીલ્ડ્રન એઝ એકટર્સ ફોર ટ્રાન્સફોર્મીંગ ધ સોસાયટી'ના એશિયન દેશોની કોન્ફરન્સમાં પ્રતિનિધિત્વ કરી ગૌરવ વધાર્યુ હતું.



બાલ અધિકાર તાલીમ અને સંસાધન કેન્દ્રનું કાર્ય દિનપ્રતિદિન વધી રહ્યું છે. આ વર્ષે મર્યાદિત સંસાધનો અને ટીમ સભ્યો વચ્ચે પણ રાજ્યની ત્રીસેક જેટલી સંસ્થાઓના ૨૬૨૪ બાળકો તથા ૫૪૩ કાર્યકરો મળીને કુલ ૩૧૬૭ જેટલી વ્યક્તિઓને તાલીમ આપી હતી.

આમ, ૨૫મું વર્ષ ...નક્કર કાર્યના ભાગરૂપે નૂતન 'આરણ્યક' કાર્યક્રમની શરૂઆત કરી સાર્થક બન્યું હતું ! અહીંયા પાછળના પ્રકરણોમાં વર્ષ દરમ્યાનની જુદા જુદા વિભાગોની પ્રવૃત્તિઓ વિષે માહીતી આપવાનો પ્રયત્ન કર્યો છે.

શૈશવની આ અવિરત યાત્રા... બાળકો, વાલીઓ, બાલદોસ્તો, શુભેચ્છકો, દાતાઓ અને સંસ્થાઓના અમૂલ્ય સહયોગ સાથે ચાલી રહી છે તે માટે સૌના ઋણ સ્વીકાર સાથે બાળકોની 'આજ' માટેની આપણી સંકલ્પબદ્ધતાને વિશેષ મજબૂત બનાવીએ.





# બાલસેના

બાલસેનાના ૧૬ વર્ષ અને પૂ. ગાંધીજાની ૧૫૦મી જન્મજયંતિનું વર્ષ એટલે નક્કી ર્ક્યુ કે પૂ. બાપુની વાતોને અનુભવ આધારિત પ્રવૃત્તિઓના માધ્યમથી બાળકો સુધી પહોંચે તેવું કરવું જોઈએ. બાલસેનાનો ૧૬મો વાર્ષિકોત્સવ ‘‘ચાલને રમીએ ગાંધી ગાંધી’’ અદ્‌ભૂત નૂતન અનુભવ બની રહ્યો હતો.

ગાંધી મૂલ્યોને સમજવા  પામવા પ્રવૃત્તિઓ એવી રીતે ગોઠવવામાં આવી કે નૂતન શિક્ષણ બની રહી. ઉદાહરણ તરીકે સાબરમતી આશ્રમમાં રહેતા પૂ. બાપુ નદીમાંથી જરૂર અને ખપ પૂરતું એકાદ લોટો પાણી ઉપયોગમાં લેતા હોય છે ત્યારે એમના સાથીદારે કહ્યું હતું કે આવડી મોટી નદીમાંથી થોડું વધારે પાણી લેશો તો ખોટું નથી ! પણ આ તો બાપુ ! એટલે બીજાના હકનુ મારાથી ના લેવાય અને ખપ પરંતુ લીધા પછી લોભ ના કરાય ! આ વાત બાળકો વર્તુળમાં મૂકેલી લખોટીઓ દ્વારા સમજ્યા. રમતની શરૂઆતમાં જ જણાવેલું કે વર્તુળમાં તમે જેટલી લખોટીઓ રહેવા દેશો તેટલી તમને ડબલ મળશે ! પણ દુનિયામાં જે થાય છે   સમાજ જે કરી રહ્યો છે તેવું પ્રતિબિંબ બાળકોએ પાડ્યું, એક પણ લખોટી વધી નહીં  સમગ્ર વર્તુળ ખાલી  પૃથ્વીને આમ જ આપણે નિચોવી રહ્યા છીએ ! લોભને થોભ નથી ! આપણે આપણા ભવિષ્ય માટે પણ જરૂર પૂરતું વાપરીએ   સંગ્રહ ન કરીએ ... આવી કેટલીક પ્રવૃત્તિઓ દ્વારા પૂ. બાપુના મૂલ્યોને બાળકોએ રમતાં રમતાં આત્મસાત ર્ક્યા હતાં.

૨૦ જાન્યુઆરીના રોજ યોજાયેલ આ વાર્ષિક કાર્યક્રમમાં જાણીતા બાળ સાહિત્યકાર અને લેખક પૂ. શ્રી યશવંતભાઈ મહેતાએ પધારી સૌને પ્રોત્સાહીત ર્ક્યા હતાં.

બાલસેના એ બાળકોનું એક એવુ પ્લેટફોર્મ છે જે જીવન ઘડતરના શિક્ષણ   કેળવણી સાથે મૈત્રીના મૂલ્યોને દ્દઢ બનાવે છે. શાળાની ચાર દિવાલો બહારના જગતના અનુભવોને અંકે કરવાની કેળવણી અહીંયા થતી રહે છે.

સમગ્ર વર્ષ દરમ્યાન બાળકો જે ૨૦ વિસ્તારોમાં રહે છે ત્યાં તેઓના ઘર આંગણે તથા ૧૧ શાળાઓમાં બાળકો સાથે બાલનેતૃત્વ તાલીમ શિબિરો, કિશોરવસ્થામાં થતા શારીરિક માનસિક અને ભાવનાત્મક ફેરફારો અંગે, બાળ અધિકારો વિષે, કેવીરીતે નિર્ણય કરવો, સંવાદ કરવો, સંગઠીત થવું, જવાબદારી ઉપાડવી જેવા જીવન કૌશલ્યો વિષે આર્ટ અને ક્રાફ્ટ, વિજ્ઞાન કે વિવિધ ઉત્સવો જેવી વિવિધ પ્રવૃત્તિઓ યોજવામાં હતી. શહેરના જુદા  જુદા સ્થળોની પ્રત્યક્ષ મુલાકાત દ્વારા સમગ્ર તંત્ર/વ્યવસ્થાઓ વિષે શીખતા હોય છે. આઝાદી પૂર્વે પેરીસમાં



એક કાર્યક્રમ દરમ્યાન સ્વાતંત્ર્યવીર શ્રીમેડમ કામા, શ્રીસરદારસિંહ રાણા વગેરે એ ભારતનો રાષ્ટ્રધ્વજ તૈયાર કરી ફરકાવ્યો હતો. આ ઐતિહાસિક ધ્વજના દર્શન ભૂતપૂર્વ સાંસદ અને બાલદોસ્ત શ્રી રાજેન્દ્રસિંહજી રાણા અને શ્રી સર્વદમનસિંહ રાણાના સક્રિય સહયોગથી બાલસેના બાળકોએ કર્યા હતાં ! પુસ્તકાલય, રેલ્વેસ્ટેશન, ફાયરબ્રિગેડ કે વિજ્ઞાનનગરી જેવા સ્થળોની મુલાકાત લીધી હતી.

બાલસેનાના બાળકો રાજ્ય, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સ્તરે યોજાતી શિબિરોમાં પ્રતિનિધિત્વ કરતા હોય છે. બાલઅધિકાર સમુહ ગુજરાત નેટવર્કના ઉપક્રમે આયોજિત શિબિરોમાં ભાગ લઈ બાળકોનો 'ગુજરાત બાલમંચની રચના કરવામાં પણ અગ્રેસર ભાગ ભજવ્યો હતો. જ્યારે પંચગીની ખાતે આયોજિત 'ચીલ્ડ્રન એઝ એકટર ફોર ટ્રાન્સફોર્મિંગ ઓફ સોસાયટી ના એશિયા સંમેલનમાં ભાગ લઈ ભાવનગરનું ગૌરવ વધાર્યુ હતું.

બચત પ્રવૃત્તિનો દર વર્ષે વાર્ષિક કાર્યક્રમ યોજાતો હોય છે. આ વર્ષે બેન્કકર્મી અને લેખક સાહિત્યકાર શ્રી અજયભાઈ પાઠક ના સાનિધ્યમાં વાર્ષિક કાર્યક્રમ ઉજવાયો હતો. જેમાં સૌથી વધુ બચત કરનાર બાળસભ્ય તથા ટીમનું સન્માન કરવામાં આવ્યું હતું.

અગાઉના વર્ષોમાં કોમિક રિલીફ, ચાઈલ્ડ રીચ ઈન્ટરનેશનલ, આઈ પાર્ટનર ઈન્ડિયા જેવી સંસ્થાઓનો બાલ સેનાના કાર્યક્રમ માટે સહયોગ મળ્યો છે. તેવી જ રીતે આ વર્ષે લોરીયસ સ્પોર્ટ્સ ફોર ગૂડ ફાઉન્ડેશન મર્સિડીઝ બેન્ઝ ઈન્ડિયાનો આર્થિક સહયોગ પ્રાપ્ત થયો છે આ માટે તેઓ ના આભારી છીએ.

''બાલસેનાની આંકડાકીય માહિતી''

(૧) બાલસેના કાર્યરત વિસ્તાર ૨૦

(૨) બાલસેના કાર્યરત શાળાઓ ૧૧

(૩) બાલસેના સભ્ય સંખ્યા : છોકરાઓ ૭૬૬, છોકરીઓ ૮૬૮, કુલ : ૧૬૩૪






શૈશવ
બાળ અધિકાર સંસ્થા

## સંસ્થાના કાર્યકરો દ્વારા

| ક્રમ | કાર્યક્રમની વિગત | કાર્યક્રમની સંખ્યા | છોકરા | છોકરી | કુલ |
|---|---|---|---|---|---|
| ૦૧ | શૈશવ દ્વારા જુથના કાર્યક્રમો | ૮૨૦ | ૧૦૫૮૫ | ૧૧૩૧૧ | ૨૧૮૯૬ |
| ૦૨ | શૈશવ દ્વારા જુથનાં સંયુક્ત કાર્યક્રમો | ૧૨ | ૮૦૬ | ૬૧૯ | ૧૪૨૫ |
| ૦૩ | શૈશવ દ્વારા જુથની તાલીમ | - | - | - | - |
| ૦૪ | કિશોર/કિશોરી મેળા | ૨૪ | ૨૩૪ | ૨૬૪ | ૪૯૮ |
| ૦૫ | શૈશવ દ્વારા નેતૃત્વ તાલીમ શિબિર | ૭ | ૩૫૫ | ૨૦૧ | ૫૫૬ |
| ૦૬ | શૈશવ દ્વારા એક દિવસીય તાલીમ | ૨૭ | ૭૭૫ | ૬૫૮ | ૧૪૩૩ |
| ૦૭ | કિશોર મંડળ પ્રવૃત્તિ | ૫૮ | ૧૦૪૮ | - | ૧૦૪૮ |
| ૦૮ | કિશોરી મંડળ પ્રવૃત્તિ | ૫૮ | - | ૧૦૬૮ | ૧૦૬૮ |
| ૦૯ | વાર્ષિક સંમેલન | ૧ | ૨૭૨ | ૩૬૯ | ૬૪૧ |
| ૧૦ | સ્વરક્ષણ વેનલીડો પરિચય તાલીમ | ૩૬ | - | ૧૨૬૨ | ૧૨૬૨ |
| ૧૧ | બાલસેનાના બાળકોનું રાષ્ટ્રીય સ્તરે પ્રતિનિધિત્વ | ૫ | ૧૨ | ૯ | ૨૧ |
| ૧૨ | કિશોરી સંમેલન | ૧ | - | ૩૨૬ | ૩૨૬ |
| ૧૩ | કિશોર સંમેલન | ૧ | ૧૯૬ | - | ૧૯૬ |
| ૧૪ | બાળમેળા | ૧૬ | ૫૦૪ | ૪૯૩ | ૯૯૭ |
| ૧૫ | બચત પ્રવૃત્તિ વાર્ષિક કાર્યક્રમ | ૧ | ૬૨ | ૩૮ | ૧૦૦ |
| ૧૬ | બાલસેના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ ચૂંટણી કાર્યક્રમ | ૧ | ૬૨ | ૩૮ | ૧૦૦ |

## બાળકો દ્વારા બાળકો સાથે થયેલ પ્રવૃત્તિઓ

| ક્રમ | કાર્યક્રમની વિગત | કાર્યક્રમની સંખ્યા | છોકરા | છોકરી | કુલ |
|---|---|---|---|---|---|
| ૦૧ | બાળકો દ્વારા કાર્યક્રમ | ૨૮૪ | ૧૭૩૫ | ૧૫૬૩ | ૩૨૯૮ |
| ૦૨ | કાઉન્સીલ / સીનીયર મિટીંગ | ૧૦ | ૩૫૨ | ૨૫૦ | ૬૦૨ |
| ૦૩ | ભાવનગરના સ્થળોની મુલાકાત | ૩૨ | ૧૦૫૩ | ૮૭૧ | ૧૯૨૪ |
| ૦૪ | બાળકો દ્વારા વિસ્તારમાં મિટીંગ | ૨૦૯ | ૨૧૨૮ | ૧૯૨૫ | ૪૦૫૩ |

## બચત પ્રવૃતિ

| | |
|---|---|
| વર્ષની ઉઘડતી સિલક | રૂા. ૮૮,૨૭૦ |
| વર્ષ દરમ્યાન બચત | રૂા. ૩૬,૧૯૩ |
| કુલ | રૂા. ૧,૨૪,૪૬૩ |
| વર્ષ દરમ્યાન ઉપાડ | રૂા. ૪૪,૬૪૮ |
| વર્ષ અંતની સિલક જમા | રૂા. ૭૯,૮૧૫ |
| બચત પ્રવૃતિ સભ્ય સંખ્યા | ૪૩૪ |

# લોકશાળા

બાળકોની ઈચ્છા અને જરૂરિયાતને ધ્યાનમાં લઈ ૨૦૧૬થી શરૂ કરેલ લોકશાળા કાર્યક્રમ શહેરના છેવાડાના ૩ વિસ્તારોમાં કાર્યરત રહ્યો હતો.

જુદી જુદી શાળાઓમાં જતા બાળકો અભ્યાસમાં પાછળ ના રહે તથા આનંદમય શિક્ષણ મેળવે તે માટે આ કામચલાઉ પૂરક શિક્ષણ કેન્દ્રો ચાલી રહ્યા છે. પોતાના બાળકો સાથે વાલીઓની સહભાગિતા સાથેની વ્યવસ્થા !

સમગ્ર વર્ષ દરમ્યાન ધો. ૧ થી ૮ ના ૩૮૧ બાળકોએ લોકશાળાની પ્રવૃત્તિઓનો લાભ લીધો હતો. લોકશાળામાં જોડાયેલ બાળકોનું ધોરણ પ્રમાણે તેઓનું શૈક્ષણિક સ્તર સમજવા માટે પ્રી ટેસ્ટ કરવામાં આવ્યા હતા અને તેને આધારે દરેક બાળકોના શિક્ષણ અંગેનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્ષના અંતે તેઓની પ્રગતિ અંગે ફરીથી ટેસ્ટ લેવામાંઆવી હતી, જેમા ૪૨% ઉપરાંત બાળકો જે કક્ષામાં ભણતા હતા તેના કરતાં ભાષા શિક્ષણમાં પ્રગતિ સાધી હતી, જ્યારે ૩૧% બાળકો કરતાં એક ધોરણ આગળના જે કક્ષામાં છે તેમાં પ્રગતિ કરી હતી, ૬% બાળકો એવા હતા જેઓ એક કરતાં વધુ ધોરણ સુધીની ક્ષમતા હાસલ કરી હતી પરંતુ ૨૧% બાળકોની પ્રગતિ સંતોષકારક ન હતી. ગણિત વિષયમાં પણ મૂલ્યાંકન પરથી ખ્યાલ આવ્યો હતો કે ૩૮% બાળકો જે કક્ષામાં હોય તેનાથી ઉપરની કક્ષા સુધી ક્ષમતા હાંસલ કરી હતી, ૯% બાળકો એક કરતા વધારે ધોરણ સુધી પ્રાપ્તિ કરી હતી જ્યારે ૩૬% જે કક્ષામાં છે તે કક્ષાના ગણિતમાં પ્રગતિ કરી હતી પરંતુ ૧૭% બાળકોની પ્રગતિ સંતોષકારક ન હતી.

આથી ભાષા અને ગણિત વિષયમાં અનુક્રમે ૭૯ % અને ૮૩% બાળકોમાં પ્રગતિ જોવા મળી હતી.

આ બાળકો સાથે વેકેશન કેમ્પ શાળા પ્રવેશોત્સવ, દર રવિવારે સવારે બાલસભા ઉપરાંત ખાસ પ્રવૃત્તિયો, લીડરશીપ કેમ્પ, કિશોરવસ્થામાં થતા શારીરિક, માનસિક અને ભાવનાત્મક ફેરફારો, બાલમેળા જેવી વિશેષ પ્રવૃત્તિઓ દ્વારા સર્વાંગી શિક્ષણ આપવાના પ્રયાસો કરવામાં આવ્યા હતાં.



શૈશવ

બાળ અધિકાર સંસ્થા

શૈશવના અન્ય કાર્યક્રમો બાલસેનાની પ્રવૃત્તિઓ, નિવાસી તાલીમ શિબિરો, કાઉન્સીલ મીટીંગ બાળકોમાં પણ લોકશાળાના બાળકો સક્રિયપણે જોડાઈ પ્રવૃત્તિઓનો લાભ મેળવતા હતાં.

આવો આપણે કેટલાક બાળકોને મળીએ અને એમના પ્રતિભાવ જાણીએ...

આર્યન ... મને લોકશાળા પર આવ્યા પછી અંગ્રેજી ભાષા આવડી.

નયન... ગણિતના અઘરા દાખલા અહીંયા આવ્યા પછી સરળતાથી આવડી ગયા.

કૃષ્ણા... અલગ અલગ પ્રવૃત્તિઓને કારણે મને ગુજરાતી અને ગણિત આવડી ગયા.

કૃપાલ... લોકશાળા પર વિજ્ઞાનના બાળમેળા પ્રવૃત્તિ પ્રયોગ દ્વારા થતા હતા જેથી મને વિજ્ઞાનમાં રસ પડવા લાગ્યો છે.

નિકુંજ... લોકશાળામાં ભણવા ઉપરાંત અવનવું જાણવા પણ મળ્યું. જીવન કૌશલ્યોની રમતો, વાર્તા, કાવ્યો, દેશ અનેરાજ્યોની માહિતી વગેરે

કૌશિક... લોકશાળામાં આવવાથી મારું હોમવર્ક અને નોટબુકો નિયમિત તૈયાર થતી થઈ ગઈ છે.

રીદ્ધી... લોકશાળા પર આવ્યા પછી એકબીજા સાથે હળતાં મળતાં શીખી.

### આંકડાકીય માહિતી

| | |
|---|---|
| લોકશાળા કેન્દ્રોનો કુલ ૩૮૧ બાળકોએ | ૧૯૩ છોકરા + ૧૮૮ છોકરીઓ લાભ લીધો હતો. |
| માતા પિતા અને કાર્યકરોની મીટીંગ | ૨૪ |
| વાલી મીટીંગ | ૫૦ |
| હોમ વીઝીટ | ૧૦૯૯ |
| બાળ સુરક્ષા સમિતિ મીટીંગ | ૧૯ |
| બાળકોની તાલીમ<br>બાળઅધિકાર, જીવન કૌશલ્યો અને<br>ચાઈલ્ડ સેફ્ટી વોક | ૬ (એક દિવસની તાલીમ) |
| બાળમેળા<br>વિજ્ઞાન, ભૂગોળ, પર્યાવરણ વગેરે | ૪ |



# બાળ અધિકાર તાલીમ અને સંસાધન કેન્દ્ર

શૈશવના બાળ અધિકાર તાલીમ અને સંસાધન કેન્દ્રનું કાર્ય દિનપ્રતિદિન નિયમિત રીતે વિકસી રહ્યું છે. સમગ્ર વર્ષ દરમ્યાન અનેકવિધ કાર્ય કરવામાં આવ્યા હતાં.

આ વર્ષ વિશેષ રીતે પણ આપણા માટે યાદગાર બની રહ્યુ હતું કારણ કે બાળ અધિકાર સમુહ ગુજરાત સાથે જોડાયેલ બાળકોની સંસ્થાઓમાં બાળ સંગઠનની પ્રક્રિયા પ્રવૃતિઓ વધુ વિકસે તથા રાજ્ય સ્તરે બાળકોનું પ્રતિનિધિત્વ રહે તેવું પ્લેટફોર્મ 'ગુજરાત બાલ મંચ'ની રચના થાય તે માટે શૈશવે અગ્રેસર ભૂમિકા ભજવી જેના પરિણામે ૧૭ સંસ્થાના બાળકો સાથે આવ્યા હતા.

સમગ્ર વર્ષ દરમ્યાન વિવેકાનંદ ગ્રામીણ ટેકનીકી કેન્દ્ર (ગુમાનદેવ) સર્વોદય પરિવાર (ખડકી ધરમપુર), સમાજ સુરક્ષા સંકુલ દિપક ફાઉન્ડેશન સંચાલિત ચીલ્ડ્રન હોમ (વડોદરા), અતાપી સેવા ફાઉન્ડેશન (ગજેરા) તથા બાળ અધિકાર સમુહ ગુજરાત સાથે સંકળાયેલ સંસ્થાઓની જીવન કૌશલ્ય, સંગઠનની પ્રક્રિયા, બાળ નેતૃત્વ અને બાળ અધિકારો જેવા મુદ્દાઓ પર નિયમિત તાલીમો યોજવામાં આવી હતી.

'ચાલને રમીએ ગાંધી ગાંધી' બાળકોને ગાંધીના મૂલ્યો રમતોના માધ્યમથી શીખવવા માટે નવીન પહેલ કરીને વિકસાવી હતી, આ રમતો બાલસેનાના વાર્ષિક કાર્યક્રમ ઉપરાંત ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત ગ્રામ સેવા કેન્દ્ર, દેથલીની શાળા ઉપરાંત અન્ય શાળાઓના ૮૦૦ ઉપરાંત બાળકો સાથે શિક્ષકોને તાલીમ આપીને યોજવામાં આવી હતી.

બાળકોના અધિકાર અને શિક્ષણ માટે રાજ્ય તથા રાષ્ટ્રીય નેટવર્કમાં શૈશવ દ્વારા નિયમિત પ્રતિનિધિત્વ કરવામાં આવતું હોય છે. આ વર્ષે પણ અલગ અલગ સ્તરે બાળકો તથા કાર્યકરોએ પ્રતિનિધિત્વ કર્યું હતું.

ભાવનગર સ્ત્રી કેળવણી મંડળ સંચાલિત શ્રી ન.ચ.ગાંધી કુમારી મંદિરની ધો. ૬ થી ૮ ની વિદ્યાર્થીનીઓ સાથે કિશોરીવસ્થામાં થતા શારીરિક, માનસિક અને ભાવનાત્મક ફેરફારો તથા સ્વરક્ષણ સલામતીની વિષયની તાલીમ જુલાઈ થી સપ્ટેમ્બર દરમ્યાન યોજવામાં આવી હતી, જેનો લાભ ૨૫૦ ઉપરાંત કિશોરીઓને મળ્યો હતો.



**આંકડાકીય માહિતી :**

ગુજરાતની ત્રીસેક જેટલી સંસ્થાઓને વર્ષ દરમ્યાન શૈશવ દ્વારા ૩૩ તાલીમ આપવામાં આવી હતી, જેમાં કુલ ૨૬૨૪ બાળકો તથા ૫૪૩ જેટલાં કાર્યકરો મળીને કુલ ૩૧૬૭ લોકોને તાલીમ આપવામાં આવી હતી.

શૈશવના કાર્યકરોના ક્ષમતાવર્ધન માટે કુલ ૨૯ તાલીમ બાળ અધિકારો, વેકેશન શિબિર, જીવન કૌશલ્યો, કિશોરાવસ્થાના ફેરફારો, સ્વરક્ષણ અને સલામતી, કાઉન્સલીંગ, રીર્થીકીંગ ડેવલપમેન્ટ, વિજ્ઞાન પ્રયોગો અને રમકડા, આર્ટ ક્રાફટ, ચાઈલ્ડ સેફટી વોક જેવા વિવિધ મુદ્દાઓ પર યોજવામાં આવી હતી. જેમાં દરેક તાલીમમાં સરેરાશ ૨૨ ઉપરાંત કાર્યકરો સહભાગી થયા હતા.

- બાળ અધિકાર સમુહ ગુજરાત, રાઈટ ટુ એજ્યુકેશન ફોરમ, નેશનલ એકશન ગ્રુપ અગેઈન્સ્ટ ચાઈલ્ડ વાયોલન્સ (સાર્ક દેશનો સમુહ) જનપથ, જીવનવિદ્યા, યુનિસેફ,શિક્ષાંતર આંદોલન, ચીલ્ડ્રન એઝ એકટર્સ ફોર ટ્રાન્સફોર્મીંગ ધ સોસાયટી, જેવા નેટવર્ક વગેરે સાથે સમગ્ર વર્ષ દરમ્યાન ૨૩ કાર્યક્રમોમાં શૈશવના કાર્યકરો સહભાગી થવા ઉપરાંત નેતૃત્વ લીધું હતું ભાગ લીધો હતો.

- માસ્ટર ઓફ સોશ્યલ વર્કમાં અભ્યાસ કરતાં ૮ વિદ્યાર્થી ભાઈ બહેનો અનુભવ મેળવવા પ્લેસમેન્ટ પર આવ્યા હતાં.





**ચાઈલ્ડ લાઈન :**

મુશ્કેલીમાં મુકાયેલા બાળકોને તત્કાલ સહાયરૂપ થઈ શકાય તેમજ તેની મુશ્કેલી અંગે અનેકવિધ સરકારી વિભાગો કે સંસ્થાઓના સહયોગ માટે સંકલન કરી બાળકની સુરક્ષા અને સલામતી માટે ૧૦૯૮ મફત ફોન સેવા, ચોવીસ કલાક સાતેય દિવસ કાર્યરત છે. તેની કામગીરી દિન પ્રતિદિન ઘનિષ્ટ બનતી જાય છે.

સમગ્ર વર્ષ દરમ્યાન આઉટરીચ, ઓપન હાઉસ, ગ્રુપઆઉટ રીચ દ્વાર શહેરના અનેક વિસ્તારો, શાળા આંગણવાડીઓ, કોલેજ કક્ષાએ, સંસ્થાઓ વગેરેમાં પ્રચાર પ્રસાર ઉપરાંત મુશ્કેલીમાં મુકાયેલા બાળકોને જ શોધવાનું કાર્ય કરવામાં આવતું હોય છે. આ ઉપરાંત ફોનની મદદથી પણ બાળકો, વાલીઓ નાગરિકો અનેબાળકો પ્રશ્નો અંગે ફોન કરી મદદ મેળવતા હોય છે. આ કામગીરીની આંકડાકીય માહીતી પાછળ આપી છે.

આ ઉપરાંત વિશેષ તો બાલસેનાની મદદથી શહેરના ૨૦ વિસ્તારોમાં બાળસુરક્ષા સમિતિની રચના કરી તેમા વિસ્તારના આગેવાન, બાલદોસ્તો અને બાળકોને સામેલ કરી નિયમિત મીટીંગ દ્વારા પ્રશ્નોની ચર્ચા કરી તેના નિરાકરણના પ્રયત્નો કરવામાં આવતા હોય છે. આ બાળસુરક્ષા સમિતિની નિયમિત મીટીંગ દ્વારા તેઓની સક્ષમતા વધારવાના વિશેષ પ્રયત્નો કરવામાં આવ્યા હતા. ચાઈલ્ડ લાઈન ટીમ જિલ્લા બાળ સુરક્ષા એકમ, ચાઈલ્ડ વેલ્ફેર કમિટી, પોલીસ વિભાગ તથા અન્ય બાળગૃહોની સાથે સતત સંકલન કરી બાળકને મદદરૂપ થતી હોય છે.

બાળકો મુશ્કેલીમાં મુકાય તે પહેલા તેઓ પોતાના પ્રશ્નોને ઓળખે, સમજે અને તેના માટે સતર્કતા કે સક્ષમતા કેળવે તે જરૂરીયાત છે. આ અનુસંધાનમાં બાલસેના ટીમ સાથે રહી, ચાઈલ્ડ લાઈન ટીમ કિશોરાવસ્થામાં થતા શારિરીક, માનસિક અને ભાવનાત્મક ફેરફારો અંગે બાળકોને તાલીમ આપવામાં મહત્વની ભુમિકા ભજવી રહી છે.



**આંકડાકીય માહિતી :**

આઉટરીચ (પ્રચાર પ્રસાર)

| કેટેગરી | કુલ | બાળકોની સંખ્યા | પુખ્તોની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| શાળા | ૯૬ | ૩૩,૨૩૨ | ૧૦૬૯ | ૩૪,૩૦૧ |
| આંગણવાડી | ૧૬૭ | ૫૪૨૭ | ૩૨૯ | ૫૭૫૬ |
| કોલેજ | ૬ | | ૧૧૧૩ | ૧૧૧૩ |
| હોસ્ટેલ | ૨૦ | ૮૩૦ | | ૮૩૦ |
| વિસ્તાર | ૯૭ | ૭૭૨ | ૮૧૧૨ | ૮૮૮૪ |
| કુલ | ૩૮૬ | ૪૦,૨૬૧ | ૧૦,૬૨૩ | ૫૦,૮૮૪ |

શહેરના અલગ અલગ ૪૦ વિસ્તારોમાં ઓપનહાઉસ યોજવામાં આવ્યા હતા, જેમાં ૧૮૭૧ બાળકોએ ભાગ લઈ પોતાના પ્રશ્નો મુશ્કેલીઓ, વિસ્તારના પ્રશ્નો અને સલામતીના મુદ્દાઓની ચર્ચા કરી હતી.

શહેરના ૨૦ વિસ્તારોમાં બાળકોના સંગઠન બાલસેના કાર્યરત છે ત્યાં વાલીઓ, તરૂણો અને બાલસેના પ્રતિનિધિઓની બાળ સુરક્ષા સમિતિઓની રચના કરવામાં આવી છે. આ ૨૦ વિસ્તારોમાં સમગ્ર વર્ષ દરમ્યાન ૧૮૪ મીટીંગ યોજાઈ હતી જેમાં ૯૩૮ બાળકો તથા ૧૦૮૭ પુખ્તોએ ભાગ લીધો હતો, એટલે કે પ્રત્યેક મીટીંગમાં ૧૧ બાળકો/મોટેરાઓ પ્રતિનિધિત્વ કરતા હતાં.



શૈશવ
બાળ અધિકાર સંસ્થા

## વર્ષ દરમ્યાન મળેલ કેસ અને તેની વિગતો

| કેટેગરી | ૧૦૯૮ ફોન દ્વારા | આઉટરીચ દ્વારા | કુલ | નિરાકરણ | પેન્ડીંગ |
|---|---|---|---|---|---|
| મેડીકલ સહાય | ૦૬ | ૦૭ | ૧૩ | ૧૩ | |
| આશરો મેળવેલ | ૧૮ | ૧૫ | ૩૩ | ૨૭ | ૦૬ |
| સતામણી સામેરક્ષણ | ૨૫ | ૧૬ | ૪૧ | ૩૯ | ૦૨ |
| બાળમજૂરી | ૦૯ | ૦૭ | ૧૬ | ૧૫ | ૦૧ |
| બાળલગ્ન | ૦૩ | ૦૨ | ૦૫ | ૦૫ | |
| જાતીય સતામણી | | ૦૧ | ૦૧ | ૦૧ | |
| કાયદા સામે સંઘર્ષ | ૦૧ | | | ૦૧ | |
| સ્પોન્સરશીપ | ૦૩ | | ૦૩ | ૦૩ | |
| ગુમ /શોધાયેલ બાળકો | ૧૯ | ૦૨ | ૨૧ | ૨૦ | ૦૧ |
| કાઉન્સલીંગ | ૧૭ | ૦૫ | ૨૨ | ૧૯ | ૦૩ |
| અન્ય | ૨૮ | ૦૯ | ૩૦ | ૩૯ | ૦૩ |
| સરકારીસહાય | ૫૯ | ૨૭ | ૮૬ | ૭૨ | ૧૪ |
| કોલના આધારે તપાસ કરતા કશું ના મળે | ૧૭ | | ૧૭ | ૧૭ | |
| **કુલ** | **૨૦૮** | **૯૩** | **૩૦૧** | **૨૭૧** | **૩૦** |



# વર્ષ ૨૦૧૮ ૧૯ માં મળેલ દાન ની યાદી
## (સ્થાનિક)

શૈશવ
બાળ અધિકાર સંસ્થા

| ક્રમ | નામ | સ્થળ | રૂપિયા |
|---|---|---|---|
| ૧. | મર્સિડીઝ બેન્ઝ ઈન્ડિયા (બાલસેના અનૌપચારિક શિક્ષણ માટે) | પૂના | ૨૫,૦૦,૦૦૦ |
| ૨. | ગૃહ ફાઈનન્સ લિમિટેડ (બાળકોના શિક્ષણ માટે) | અમદાવાદ | ૭,૩૦,૫૨૯ |
| ૩. | પ્રસાદ કોચ ટેક્નિક પ્રા. લિમિટેડ | અમદાવાદ | ૨,૦૦,૦૦૦ |
| ૪. | કાન્તિસેન શ્રોફ | કચ્છ | ૧,૦૦,૦૦૦ |
| ૫. | વિદ્યા પ્રોત્સાહક ટ્રસ્ટ | ભાવનગર | ૧,૦૦,૦૦૦ |
| ૬. | ઈમ્પેક્ટ ગુરૂ | ન્યુ દિલ્હી | ૨૮,૨૮૨ |
| ૭. | ફુલચંદ પી. તંબોલી ચેરિટેબલ ટ્રસ્ટ | ભાવનગર | ૨૫,૦૦૦ |
| ૮. | સ્ટીલકાસ્ટ પ્રા. લિ. | ભાવનગર | ૨૫,૦૦૦ |
| ૯. | ભારતીબેન એસ. મલિક | ધરમપુર | ૨૫,૦૦૦ |
| ૧૦. | રેખાબેન પી. શાહ | મુંબઈ | ૧૧,૦૦૦ |
| ૧૧. | મનોજભાઈ ડી. આનંદપુરા | અંકલેશ્વર | ૧૧,૦૦૦ |
| ૧૨. | એક્સેલ ક્રોપ કેર લિમિટેડ | ભાવનગર | ૧૧,૦૦૦ |
| ૧૩. | ફાલ્ગુનભાઈ શેઠ | ભાવનગર | ૧૦,૫૦૦ |
| ૧૪. | કોશિશ મિલાપ ટ્રસ્ટ | વડોદરા | ૧૦,૦૦૦ |
| ૧૫. | શેતલ દંડગે | પુણે | ૧૦,૦૦૦ |
| ૧૬. | શ્રીમતિ રાધિકાબેન એચ. પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ | વડોદરા | ૧૦,૦૦૦ |
| ૧૭. | પારૂલબેન શેઠ | ભાવનગર | ૧૦,૦૦૦ |
| ૧૮. | ડૉ. ભરતભાઈ એમ. શાહ | અમદાવાદ | ૧૦,૦૦૦ |
| ૧૯. | અનિષ કેમિકલ | ભાવનગર | ૯,૦૦૦ |
| ૨૦. | આઈ પરિવાર | ઝઘડિયા | ૭,૭૭૭ |
| ૨૧. | અલ્પેશભાઈ પરમાર | ભાવગનર | ૬,૫૦૦ |
| ૨૨. | ડૉ. એમ. જી. દેસાઈ | ભાવગનર | ૬,૦૦૦ |
| ૨૩. | સેજલબેન કાલારા | ભાવગનર | ૫,૦૦૦ |
| ૨૪. | ડૉ. ભરતભાઈ પંચાલ | ભાવગનર | ૫,૦૦૦ |
| ૨૫. | ઔરીના ફાઉન્ડેશન | અમદાવાદ | ૫,૦૦૦ |
| ૨૬. | દક્ષાબેન પટ્ટણી | ભાવનગર | ૫,૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૨૭. | માધવ રાણે | મુંબઈ | ૫,૦૦૦ |
| ૨૮. | મુકુંદભાઈ સી. દવે | મુંબઈ | ૫,૦૦૦ |
| ૨૯. | રામચંદ્રભાઈ પંચોલી | સણોસરા | ૫,૦૦૦ |
| ૩૦. | યજ્ઞેશકુમાર એ. પટેલ | ગોધરા | ૫,૦૦૦ |
| ૩૧. | શિલ્પા જે. મહેતા ફાઉન્ડેશન | મુંબઈ | ૩,૫૦૦ |
| ૩૨. | હરસુખ બી. મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ | મુંબઈ | ૩,૫૦૦ |
| ૩૩. | ભાવેશ ગાંધી | ભાવનગર | ૩,૦૦૦ |
| ૩૪. | રેણુ ગાંધી | ભાવનગર | ૩,૦૦૦ |
| ૩૫. | કે. પી. આરકેડ | અમદાવાદ | ૨,૦૦૦ |
| ૩૬. | ફલક બિમલભાઈ શેઠ | વડોદરા | ૨,૦૦૦ |
| ૩૭. | દિલિપભાઈ ગાંધી | ભાવનગર | ૨,૦૦૦ |
| ૩૮. | નેહાબેન ગાંધી | ભાવનગર | ૨,૦૦૦ |
| ૩૯. | બંકિમભાઈ શેઠ | ઝઘડિયા | ૧,૦૦૧ |
| ૪૦. | આશિષ રાવલ | ભાવનગર | ૧,૦૦૦ |
| ૪૧. | મેહુલભાઈ દવે | વડોદરા | ૧૦૦ |
| ૪૨. | મનોજ સાંઈ | ભાવનગર | ૧૦૦ |

શૈશવ
બાળ અધિકાર સંસ્થા

## વિદેશથી મળેલ દાનની યાદી

| ક્રમ | નામ | સ્થળ | રૂપિયા |
|---|---|---|---|
| ૧. | ગ્લોબલ ગિવિંગ | યુ.એસ.એ. | ૪૮૫૮૮૧.૬૬ |
| ૨. | ભાવનગર ફ્રેન્ડશીપલિંક | યુ.કે. | ૩૬૧૬૧.૮૪ |
| ૩. | ઈમ્પેકટ ગુરુ | ન્યુ દિલ્હી | ૩૨૫૮૭.૧૨ |



**DILIP R. SHAH &CO.**
**CHARTERED ACCOUNTANTS**

**A/2/21, AJANTA COMM.CENTRE,**
**ASHRAM ROAD, NEAR INCOME TAX,**
**AHMEDABAD - 380014**

શૈશવ
બાળ અધિકાર સંસ્થા

# AUDITOR'S REPORT

To The Trustees,
Shaishav Trust,
At. Ahmedabad.

**Opinion**
We have audited the financial statements of the Shaishav Trust At.Ahmedabad. which comprise the balance sheet as at march 31, 2019, and the Income and Expenditure Account or the year then ended, and notes to the financial statements, including a summary of significant accounting policies.

In our opinion, the accompanying financial statements of the Trust prepared, in all material respects, in accordence with provisions of the Bombay Public Trust Act 1950.

**Basis for Opinion**
We conducted our audit in accordence with the standards on Auditing (SAs) issued by ICAI. Our responsibilities under those Standards are further described in the Auditor's Responsibilities for the Audit of financial statements section of our report. We are independent of the Trustin accordence with the Code of Ethics issued by ICAI and we have fulfilled our other ethical responsibilities in accordence with the Code of Ethics. We believe that the audit evidence we have obtained is sufficient and appropriate to provide a basis for our opinion.

**Responsibilities of Management and Those Charged with Governance for the financial statements**
Trustees are responsible for the preparation of the financial statements in accordence with the Bombay Public Trust Act 1950 and for such internal control as management determines is necessary to enable the preparation of financial statements that are free from material misstatement, whether due to fraud or error.

In preparing the financial statements, trustees are responsible for assessing the Trust's ability to continue as a going concern, disclosing, as applicable, matters related to going concern and using the going concern basis of accounting unless management either intends to liquidate the Trust or to cease operations, or has no realistic alternative but to do so. Those charged with governance are responsible for overseeing the Trust's financial reporting process.

**Auditor's Responsibilities for the audit of the financial statements**
Our objectives are to obtain reasonable assurance about whether the financial statements as a whole are free from material misstatement, whether due to fraud or error, and to issue an auditior's report that includes our opinion. Reasonable assurance is a high level of assurance, but is not a guarantee that an audit conducted in accordence with SAs will always detect a material misstatement when it exists. Misstatements can arise from fraud or error and are concidered material if, individuly or in the aggregate, they could reasonably be expected to influence the economic decisions of users taken on the basis of these financial statements.

As part of an audit in accordence with SAs, we exercise professional judgement and maintain professional skepticism throughout the audit. We also:

(a)Identify and assess the risks of material misstatement of the financial statements, whether due to fraud or error, design and perform audit procedures resposive to those risks, and obtain audit evidence that is sufficent and appropriate to provide a basis for our opinion. The risk of not detecting a material misstatement resulting from fraud is higher than for one resulting from error, as fraud may involve collusion, forgery, intentional omissions, misreprentations, or the override of internal control. Obtain an understanding of internal control relevent to the audit in order to design audit procedures that are appropriate in the cirumstances, but not for the purpose of expressing an opinion on the effectiveness of the Trust's internal control.

(b) Evaluate the appropriateness of accounting policies used and the reasonableness of accounting estimates and related disclosures made by management.

(c) Conclude on the appropriateness of management's use of the going concern basis of accounting and, based on the audit evidence obtained, whether a material uncertainty exists related to events or conditions that may cast significant doubt on the Trust's ability to continue as a going concern. If we conclude that a material uncertainty exists, we are required to draw attention in our auditor's report to the related disclosures in the financial statements or, if such disclosures are inadequate, to modify our opinion. Our conclusions are based on the audit evidence obtained up to the date of our auditor's report. However, future events or conditions may cause the Trust to cease to continue as a going concern.

We communicate with those charged with governance regarding, among othermatters, the planned scope and timing of the audit and significant audit findings, including any significant deficiencies in internal control that we identify during our audit.

We also provide those charged with governance with a statement that we have complied with relevent ethical requirements regarding independence, and to communicate with them all relationships and other matters that may reasonably be thought to bear on our independecnce, and where applicable , ralated safeguards.

**Report on Other Legal and Regulatory Requirments**

Further to our this report, we report that the accounts are maintained regularly and in accordence with the provisions of the Act and the Rules:

(a)receipts and disbursments are properly and correctly shown in the accounts;

(b)the cash balance and vouchers in the custody of the manager or trustee on the date of audit are in the agreement with accounts;

(c) all books, deeds, accounts voucher and other documents and records required by us were produced before us.

(d) an inventory, certified by the trustee of the movables of the Trust has been maintained;

(e) the accountant Shri Aashish Raval and Trustee Falgun P. Sheth appeared before us and furnished the necessary information required by us;

(f) No property or funds of the trust were applied for any object or purpose other than the objects or purposes of Trust;

(g) the amounts outstanding for more than one year are Rs. Nil consist of Nil No. of Accounts Nil and the amount written off is Rs. Nil.

(h) tender were not invited for repairs or construction as the expenditure involved did not exceed Rs. 5000;

(i) no money of the public trust has been invested contrary to the provisions of section 35;

(j) no alienations of immovable property has been made contrary to the provisions section 36

(k) We have not noticed any special matters, found necessary to bring to the notice of deputy or assistant charity commissioner.

**Place:Ahmedabad**
Date: 19-9-2019

**For Dilip R. Shah and Co.**
(Dilip R. Shah. Prop.)
Membership no: --030610
F.R.no: 102572W
UDIN - 19030610AAAACK7528

શૈશવ
બાળ અધિકાર સંસ્થા

## FINANCIAL STATEMENT 2018-19

| **Funds & Liabilities** | **AS ON 31.03.2019** | **AS ON 31.03.2018** |
|---|---|---|
| Trust Funds or Corpus | 2,70,581.00 | 2,70,581.00 |
| Other Earmarked Funds<br>(a) Building Fund | 1,12,78,343.40 | 1,12,78,343.40 |
| (b) Non Recurring | 55,34,658.00 | 55,94,582.00 |
| (c) Un Utilized Fund | 1,94,926.00 | -2,42,827.00 |
| (d) Aaranayak Project Fund | 4,92,778.00 | -------- |
| Other Liabilities | 42,63,622.86 | 45,74,407.86 |
| Income & Expenditure Account | 2,03,18,139.04 | 1,80,35,401.65 |
| **Total** | **4,23,53,048.30** | **3,95,10,488.91** |
| **ASSETS** | **AS ON 31.03.2019** | **AS ON 31.03.2018** |
| Immovable Properties | 99,35,903.00 | 99,35,903.00 |
| Furniture & Fixture | 48,05,970.00 | 48,65,894.00 |
| Unit Trust of India M. F. | 20,00,000.00 | 20,00,000.00 |
| Loan & Advance | 6,300.00 | 13,300.00 |
| Income Receivable | 24,37,067.90 | 14,06,467.00 |
| Cash & Bank Balance | 2,31,67,807.40 | 2,12,88,924.91 |
| **Total** | **4,23,53,048.30** | **3,95,10,488.91** |

| **EXPENDITURE** | **AS ON 31.03.2019** | **AS ON 31.03.2018** |
|---|---|---|
| Establishment Expenses | 77,621.08 | 2,43,397.20 |
| Legal Expenses | ------- | 12,000.00 |
| Contribution to Charity Commi. | ------- | 1,00,378.00 |
| Expenses on the Object of Trusts | 61,08,326.00 | 43,34,479.80 |
| Amts.Tr.to reserve or specific Fund | 4,37,753.00 | ------- |
| Surplus carried over to Balance Sheet | 22,82,737.39 | 8,93,543.83 |
| **Total** | **89,06,437.47** | **55,83,798.83** |

| **INCOME** | **AS ON 31.03.2019** | **AS ON 31.03.2018** |
|---|---|---|
| Interest | 13,32,152.00 | 14,80,495.00 |
| Donation | 39,75,653.22 | 12,85,927.51 |
| Grant | 30,62,503.00 | 11,04,000.00 |
| Unit Trust of India Dividend | 1,36,449.25 | 95,033.82 |
| Training & Workshop fees | 1,59,701.00 | 2,33,891.00 |
| Misc. Income | 2,39,997.00 | 1,11,409.00 |
| Transfer From Reserved Fund | ------- | 12,73,042.50 |
| **Total** | **89,06,437.47** | **55,83,798.83** |

Place: Ahmedabad

Date: 19-09-2019

For Shaishav
**Falgun Sheth**
Managing Trustee

For Dilip R. Shah & Co.
**Dilip R. Shah**, Proprietor
Chartered Accountant

શૈશવ
બાળ અધિકાર સંસ્થા

| વિગત | અમલ |
|---|---|

## (A) નોંધણી :

| વિગત | અમલ |
|---|---|
| • સંસ્થાનું નામ | • શૈશવ |
| • રજી. સરનામું | • આઈ.૧૦૦૩, ઈન્દ્રપ્રસ્થ, ડ્રાઈવઈન થીયેટર પાસે, થલતેજ રોડ, અમદાવાદ |
| • કાર્ય સ્થળનું સરનામું | • બ્લોક નં.૩, બીજે માળે, સરદાર પટેલ શોપીંગ સેન્ટર, સરદારનગર સર્કલ, ભાવનગર. ફોન : ૦૨૭૮-૨૫૬૮૫૬૧ |
| • જાહેર સંસ્થા નોંધણી નં. | • F/3462/Ahmedabad |
| • સોસાયટી રજી. નં. | • Guj/3592/Ahmedabad |
| • ઈન્કમટેક્ષ એક્ટ મુજબ ૧૨ (એ) રજીસ્ટ્રેશન | • HQ.III/32 (S-7)93-94/ AR-8 |
| • ઈન્કમટેક્ષ એક્ટ મુજબ ૮૦ (જી) સર્ટી નં. | • DIT (E) / 80 G (5)/1057/2007-2008 |
| • ઈન્કમટેક્ષ એક્ટ મુજબ પાન એકાઉન્ટ નં. | • AABTS0865 N |
| • વિદેશી સહાય નોંધણી નં. | • 041980028 |
| • મુખ્ય બેંકનું નામ સરનામું | • દેના બેંક - ડોન બ્રાંચ, ભાવનગર<br>• આઈ.ડી.બી.આઈ. બેંક, વાઘાવાડી રોડ, ભાવનગર.<br>• યુનીયન બેંક ઓફ ઈન્ડિયા, આશ્રમ રોડ, અમદાવાદ |
| • પરદેશના દાન માટે | • દેના બેંક - ડોન બ્રાંચ, ભાવનગર |

## (B) સંસ્થાના ધ્યેય/અભિગમની સ્પષ્ટતા અને પ્રતિબધ્ધતા

| વિગત | અમલ |
|---|---|
| • સંસ્થાના બંધારણ અને વિવિધ અહેવાલમાં રજૂઆત | • સ્પષ્ટ અને દ્રઢ રજૂઆત |
| • કાર્યક્રમો અને પ્રવૃતિઓમાં રૂપાંતરણ | • સારી રીતે |
| • કાર્યકરો, સ્થાનિક લોકો તથા બાળકોમાં સ્પષ્ટતા અને સ્વીકૃતિ | • સભાન પ્રયત્નો |

## (C) વહીવટ અને સંચાલન સંચાલક મંડળના સભ્યો/ ટ્રસ્ટીઓ

- ટ્રસ્ટી મંડળની યાદી અલગથી આપી છે
- ટ્રસ્ટી મંડળમાં ૫૦% થી વધુ મહિલા સભ્યો
- ટ્રસ્ટી મંડળમાં સંસ્થાના સીનીયર કાર્યકર કાયમી આમંત્રિત
- ટ્રસ્ટી મંડળમાં સ્થાનિક પ્રતિનિધિઓ કાયમી આમંત્રિત
- ટ્રસ્ટી મંડળમાં બાલસેના/તરૂણસેનાના પ્રતિનિધિઓ કાયમી આમંત્રિત
  ટ્રસ્ટી મંડળમાં બે ટ્રસ્ટી સગાં છે.
- બોર્ડના કોઈપણ ટ્રસ્ટીને ટ્રસ્ટી તરીકે કોઈપણ પ્રકારનાં ભથ્થા ચૂકવવામાં આવતાં નથી
  વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન ટ્રસ્ટીમંડળની ૩ મીટીંગ યોજાઈ હતી
- સંસ્થાના બે કાર્યકારી વડાઓને તેમના પૂર્ણ સમયના વ્યવસાયિક કાર્ય માટે માસિક રૂા. ૪૫,૦૦૦/- લેખે માનદવેતન ચૂકવવામાં આવે છે.

શૈશવ
બાળ અધિકાર સંસ્થા

**(D) દરેક પ્રવૃતિઓ માટેના લક્ષ્યાંકો, સમીક્ષા અને સમયાંતરે મોનીટરીંગ**

- દર વર્ષે સમગ્ર સ્ટાફ દ્વારા ત્રિમાસિક, છ માસિક, વાર્ષિક આયોજન તથા રીવ્યુ કાર્યની વહેંચણી જવાબદારી તેમજ સુવ્યવસ્થિત રીતે અમલ, ગુણવત્તા પર વધુ ભાર, નિયમિત રીપોર્ટીંગ

**(E) કાર્યકારી સલાહકાર જૂથ સંસ્થામાં વિવિધ નીતિ-માર્ગદર્શન**

- બહારના નિષ્ણાંતો દ્વારા કાર્યક્રમોની નિયમિત સમીક્ષા
- રચના થઈ છે / અનિયતકાલીન મીટીંગ થાય છે.
- સંસ્થાના વીઝન / મીશન સ્ટેટમેન્ટ નિયમિત ચકાસવામાં આવે છે.
- સંસ્થાના કાર્યકરો માટેની નીતિ નિયમોની માર્ગદર્શિકા છે.
- બાળ સુરક્ષા નીતિ છે. / જેન્ડર નીતિ છે. / સ્વયંસેવક નીતિ છે.
- એકાઉન્ટ, ખરીદી, સ્ટોર, ડેડ સ્ટોક વિ. અંગેની નીતિઓ અને અમલ
- મહિલા સુરક્ષા સમિતિ, શિસ્ત સમિતિ, બાળસુરક્ષા સમિતિની રચના થઈ છે અને તેના સભ્યો સમયાંતરે બદલાતા હોય છે.

**(F) માનવ સંસાધન**

- વેતન ધોરણો
- હાલના કાર્યકરો

- અર્થપૂર્ણ, તાર્કિક અને અમલમાં

પગાર ધોરણ પ્રમાણે કાર્યકરોની વહેંચણી : (માર્ચ ૨૦૧૯ પ્રમાણે)

| પગાર ધોરણ | ફુલ ટાઈમ | પાર્ટ ટાઈમ | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|---|
| ૫૦૦૦ થી નીચે | - | ૧ | ૦ | ૧ | ૧ |
| ૫૦૦૦ થી ૧૦,૦૦૦ | ૧૫ | ૨ | ૧૦ | ૭ | ૧૭ |
| ૧૦,૦૦૦ થી ૧૫,૦૦૦ | ૩ | - | ૨ | ૧ | ૩ |
| ૧૫,૦૦૦ થી વધુ | ૬ | - | ૫ | ૧ | ૬ |

- હાલના કાર્યકરોએ સંસ્થામાં ગાળેલ વર્ષ

| સંસ્થામાં વર્ષો | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| ૩ થી ઓછા વર્ષ | ૧૧ | ૬ | ૧૭ |
| ૩ થી ૫ વર્ષ | ૧ | ૨ | ૩ |
| ૧૦ થી વધુ વર્ષ | ૫ | ૨ | ૭ |
| કુલ | ૧૭ | ૧૦ | ૨૭ |

- નિમણૂંક પત્રો — તમામને આપવામાં આવે છે.
- પી.એફ./ગ્રેજ્યુઈટી, રજાઓ જેવા લાભો — નિયમ મુજબ તમામ કાર્યકરોને આપવામાં આવે છે.
- પર્સનલ એકસીડન્ટ પોલીસી — તમામ કાર્યકરોની લેવામાં આવે છે.
- સ્ટાફ વેલ્ફેર પ્રવૃતિ — સ્ટાફ વેલ્ફેરની વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવે છે.
- મીટીંગો
  - દર અઠવાડીયે કો ઓર્ડીનેશન મીટીંગ
  - દરેક વિભાગોની અઠવાડિક મીટીંગો
  - લગભગ દર મહિને તમામ સ્ટાફની મીટીંગ
- ક્ષમતાવર્ધન વ્યવસાયિક વિકાસ
  - ક્ષેત્રિય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ તાલીમ, કાર્યશિબિર અને કોન્ફરન્સમાં સહભાગી થવા દરેક સ્તરે પ્રોત્સાહન
  - ક્ષમતાવર્ધન માટે વાર્ષિક આયોજન મુજબ કાર્યકરોની વિવિધ તાલીમો
  - રસ રૂચિ અને અનુભવને આધારે કાર્યબદલાય અને નવા કાર્યમાં જવાબદારી / વિકાસની તકો આપવામાં આવે છે.

## (G) જવાબદેહીતા અને પારદર્શિતા

| | |
|---|---|
| • પ્રકાશનો | |
| • વાર્ષિક અહેવાલ | • દર વર્ષે પ્રકાશિત થાય છે. |
| • વાર્ષિક હિસાબો | • દર વર્ષે પ્રકાશિત થાય છે. |
| • 'નિસ્બત' મુખપત્ર | • દર ત્રણ મહિને સંસ્થાનું મુખપત્ર પ્રકાશિત કરવાનો પ્રયત્ન થાય છે. |
| • વેબસાઈટ | • સંસ્થાની વેબસાઈટ નિયમિત રીતે મહદ્અંશે અધતન કરવામાં આવે છે તેમજ પ્રવૃતિના સમાચાર તેમાં આપવામાં આવે છે. |
| **નાણાંકીય પાસાઓ** | |
| • બોર્ડ મીટીંગ વાર્ષિક બજેટ અને નાણાંકીય સમીક્ષા | • વાર્ષિક બજેટ અને નાણાંકીય સમીક્ષા દરેક મીટીંગમાં ચર્ચવામાં આવે છે. |
| • હિસાબી પધ્ધતિ | • સ્ટાન્ડર્ડ નિયમો અનુસાર અમલમાં |
| • નાણાંકીય લેવડ દેવડ | • દરેક નાણાંકીય લેવડ દેવડ અંગે રસીદ/બિલ વિ. સાથે ચોકસાઈપૂર્વક અમલમાં |
| • હિસાબી મોનીટરીંગ | • દરેક મહિને મોનીટરીંગ કરવામાં આવે છે. |
| • ચાર્ટડ એકાન્ટન્ટ દ્વારા ઓડિટ | • દર ત્રણ મહિને ઓડીટ થાય છે તેમજ વાર્ષિક ઓડીટ અને હિસાબો પ્રકાશિત કરવામાં આવે છે.<br>• ઓડીટર : શ્રી દિલીપભાઈ આર. શાહ એન્ડ કું. એ/૨૧, અજન્ટા કોમ. સેન્ટર, બીજે માળ, આશ્રમ રોડ, અમદાવાદ. |
| • બાહ્ય નિષ્ણાંતો/ સંસ્થાઓ દ્વારા મૂલ્યાંકન | • અત્યાર સુધીમાં પાંચ વાર બાહ્ય મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.<br>• શૈશવ Give India/Guidestar અને Global Giving-UK/USA સાથે નોંધાયેલ છે અને સભ્યપદ ધરાવે છે. |
| • વિદેશીનાણાંકીય સહાય, આવકવેરા ચેરીટી કમિશનર શ્રી વિ. કાયદાઓની જરૂરિયાતો | • આ અંગેના કાયદાઓનું મહદ અંશે ચૂસ્ત પાલન કરવામાં આવે છે. હિસાબો નિયમિત રીતે સરકારમાં આપવામાં આવે છે. |
| • વિવિધ એવોર્ડનો સ્વીકાર | • સંસ્થાવતી સ્વીકાર |
| • હવાઈ મુસાફરી | • વર્ષ દરમ્યાન રાષ્ટ્રીય હવાઈ મુસાફરી કરવામાં આવી છે અને તેનો ખર્ચ સંસ્થામાં જે તે પ્રોજેકટ ગ્રાંટ હેઠળ તેમજ આયોજક સંસ્થાએ ભોગવ્યો છે.<br><br>વર્ષ દરમ્યાન શ્રી પારૂલબેન શેઠ દ્વારા ફ્રાંસ, નોર્વે અને યુકેની આંતરરાષ્ટ્રીય હવાઈ મુસાફરી કરવામાં આવી હતી અને તેનો ખર્ચ આયોજક સંસ્થા તથા શુભેચ્છકોએ ભોગવ્યો છે. (માત્ર લંડનથી પેરીસની રીર્ટન ટીકીટનો ખર્ચ શૈશવ દ્વારા ભોગવવામાં આવ્યો છે.) |

શૈશવ
બાળ અધિકાર સંસ્થા

# નાના નાના બાળ

ભલે નાના નાના બાળ અમે આજે રે , કાલ ( ૨ )
અમે મોટા થાશું ને જગ દોરશું,
ખડતલ શરીર મન મોટું બનાવશું,
હૈયામાં હિત બધી દુનિયાનું ધારશું,
સાચા માનવ બની જીવતર જીવશું... અમે.

ઊચનીચ ભેદો આ દુનિયા ના ટાવળા,
નાતો જાતો ને ધર્મ વાડાઓ તોડવા
બધી શક્તિ અમારી વિશ્વ ચરણે ધરશું... અમે.

જગના અંધારને દૂર દૂર હાંકવા,
સાચા તે જ્ઞાનના દીવા પ્રગટાવવા
અમે જાતે સળગી ઘરે ઘરે ધુમશું... અમે.

પૈસાના જોર આજે માનવી મપાય છે,
કોઈ કરે કામ કોઈ બેસીને ખાય છે
કરી સર્વોદય સાચો સમાજ રચીશું... અમે.

શૈશવ

બાળ અધિકાર સંસ્થા



*જીવીએ ત્યાં સુધી શીખીએ*

-શ્રી રામકૃષ્ણ પરમહંસ